GJDH050040652025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૦૭/૦૮/૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ: માસ: દિવસ. |

**ઝાલોદના મહેરબાન એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મુ. ઝાલોદ.**

| | |
|---|
| **ક્રિ.કેસ નંબર :- ૩૫૧૧/૨૦૨૫** |
| **આંક :-** |

**ફરીયાદી :-** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી : ધનાભાઈ રમસુભાઈ ડીંડોડ**
**રહે.પીપલેટ,તા.ઝાલોદ.**

**બાબત :- ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ.એ. મુજબ...**

| |
|---|
| **ફરીયાદ પક્ષે :-** એ.પી.પી. શ્રી ડી.એમ.પ્રજાપતિ. |
| **બચાવ પક્ષે :-** વિધ્વાન વકીલ શ્રી બી.કે.બારીયા. |

**-:: ઠરાવ ::-**

**(૧)** આ કામે ફરીયાદ પક્ષના કેસની હકિકત ટુંકમા એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામા ગેરકાયદેસર રીતે દેશી દારૂ.પ, લી.૧૦૦૦ નો પ્રોહી મુદામાલ રાખી ગુન્હો કરેલ હોય તે મુજબની ફરીયાદ આપતા સદર ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

(૨) સદર કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ અત્રેની કોર્ટમા રજુ જતા અત્રેની કોર્ટ ધ્વારા આરોપીને સમન્સ કરતા અને આરોપીને સમન્સની બજવણી બાદ આરોપી હાજર થતા આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ - ૨૩૦ ની

જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક - ૦૪ થી તહોમતનામુ ફરમાવી આંક - ૦૫ થી પ્લી નોંધેલ છે. ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલતવી રાખવામા આવેલ.

(૩) ફરીયાદપક્ષ ધ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છ.

**- :: મૌખીક પુરાવા :: -**

| | | |
|---|---|---|
| **(૧) પંચ સાહેદ** | **પ્રવિણભાઈ ડામોર** | **આંક : ૦૬** |
| **(૨) પંચ સાહેદ** | **મકનભાઈ સંગાડા** | **આંક : ૦૮** |

**- :: દસ્તાવેજી પુરાવા :: -**

| | |
|---|---|
| **(૧) પંચનામુ** | **આંક : ૦૭** |

**(૪)** ત્યારબાદ આ કામે વધુ પુરાવો જણાતો ન હોય ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે અને આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ - ૩૫૧ અન્વયે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા વિશેષ નિવેદન નોંધવા સારૂ રાખતા આરોપી સામે એફ.એસ. નોંધવા લાયક પુરાવો જણાતો ન હોય જેથી વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે તથા બચાવપાક્ષ તરફે વિધ્વાન વકિલશ્રીની દલીલો સાંભળવામા આવેલ છે.

**(૫)** ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રીની મુખ્યત્વે દલીલ એવી છે ક, આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ તમામ પુરાવો ધ્યાને લેતા આરોપીના કબજામાથી ભારતીય બનાવટનો દેશી દારૂ મળી આવેલ છે અને એ રીતે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને ધોરણસર સજા કરવા અરજ કરેલ છે.

બચાવ પક્ષે વિધ્વાન વકિલશ્રીની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે ફરીયાદપક્ષ પોતાનો કેશ નિશંકપણે સાબિત કરવામા તદન નિષ્ફળ ગયેલ છે. આ કામે મહત્વના પંચ, સાહેદોનો પુરાવો ધ્યાને લેતા પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી તેમજ આ કામે તપાસ કરનારનો પુરાવો ધ્યાને લેતા કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લેવામા આવેલ નથી કે સોગંદ પર તપાસવામા આવેલ નથી. વધુમા રેડવાળી જગ્યા કોની માલીકીની છે તે અંગે કોઇ આધારા મેળવેલ નહી હોવાનુ કબુલ રાખેલ છે અને એ રીતે ફરીયાદપક્ષ

પોતાનો કેશ શંકાથી પર આરોપી વિરુધ્ધ સાબિત કરવામા તદન નિષ્ફળ નિવડેલ હોય જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૬)** હાલના કેશના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબના મુદા ઉપસ્થિત કરેલા છે.

**- :: મુદા :: -**

**(૧)** શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામા ગેરકાયદેસર રીતે પોતાના રહેણાંક ઘરમા દેશી દારૂ લી.૫, કિં.રૂ.૧૦૦૦/- ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ - ૬૫ એ.એ. મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શુ હુકમ ?

**(૭)** ઉપરોકત મુદા અંગે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

**(૧) નકારમાં.**

**(૨) આખરી હુકમ મુજબ.**

(૮) ઉપરોકત મુદાની ચર્ચા નીચે મુજબ કરવામા આવેલ છે.

**મુદા નં. ૧:-**

**(૮/૧)** ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ " પુરાવાનુ મુલ્યાંકન " શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે તે માટે કાનુન સમર્થીત કોઇ નિયમ નથી. પુરાવાનુ મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેશની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનો આધાર પુરાવાના કાયદાની કલમ - ૩ મા કરવામા આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે. ફોજદારી કાર્યવાહીમા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમા જે રીતે સંભવિત દર્શાવવામા આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમા નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી

પરનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમા આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે ભારતીય સાક્ષ અધિનિયમની કલમ - ૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમા જે હકીકતનુ અસ્તીત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**(૮/૨)** ફરીયાદપક્ષે પંચ સાહેદ  પ્રવિણભાઈ ડામોરને આંક-૦૬ થી તથા પંચસાહેદ મકનભાઈ સંગાડાને આંક-૮ થી  થી તપાસવામા આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા આંક - ૭ થી રજુ થયેલ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નહોય એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલ જાહેર કરી સદર પંચ સાહેદોની ઉલટતપાસ કરવા સારુ પરવાનગી માંગતા સદર પંચ સાહેદોની ઉલટતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

**(૯)** આ અદાલન સમક્ષ રજુ થયેલ તમામ પુરાવાનુ સમગ્રપણે મુલ્યાંકન કરતા આ કામે ફરીયાદપક્ષ હાલના કામે તપાસવામા આવેલ પંચ સાહેદ કે જેઓ બનાવ સમયે તેમની હાજરીમા કોઈ પંચનામુ કરેલ હોય કે દારૂ કબજે કરેલ હોય તેવુ બનેલ નહી હોવાનુ જણાવેલ આમ, આ કામે મહત્વના એવા પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આંક - ૭ ના પંચનામાી હકીકતને સમર્થન આપેલ નથી. જેથી કહેવાતો મુદામાલ પંચોની હાજરીમા પંચનામુ કરી પંચોના લખાવ્યા મુજબ પંચનામુ કરવામા આવેલ હોય તેવુ પુરવાર થતુ નથી. જેથી માત્ર ફરીયાદીની ફરીયાદ તથા પોલીસ સાહેદના પુરાવા પર આધાર રાખી સદર આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તેમ ફલીત થતુ નથી.

**(૧૦)** આમ રેકર્ડપરના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નહી હોવાનુ આ અદાલત માને

છે અને મુદા નં. ૧ નો નિર્ણય આથી નકારમા આપવામા આવે છે અને મુદા નં. ૨ પરત્વેનો આખરી નિર્ણય નીચે મુજબ છે.

**- :: હુકમ :: -**

**(૧)** આ કામના આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ - ૬૫ એ. એ. મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ - ૨૭૧ (૧) અન્વયે શંકાનો લાભા આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદામાલ પાવતીમા જણાવેલ પ્રોહી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

**(૩)** આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ - ૪૮૧ (એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- ઝાલોદ. ( એન. રાઘવ )

તારીખ :- ૦૭/૦૮/૨૦૨૬ એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, ઝાલોદ.

કોડ નં. જી.જે. ૦૧૩૮૪